જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૨/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૨૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૧,૮૪,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## શાહપુર પોલીસ સ્ટેશન

## શરીર સંબંધી ગુનામા સંડોવાયેલ ઇસમને પકડી હદપાર કરતી શાહપુર પોલીસ

માનનીય પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશનર સાહેબશ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશનર સાહેબશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મીલકત/શરીર સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ શ્રી પી.સી.દેસાઈ સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાઓની સુચના આધારે શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા પ્રકારના ગુનાઓ આચરતા ઇસમ નામે ઇરફાનખાન ઉર્ફે ભુરો મોહંમદખાન પઠાણ ઉવ-રહે ૩૦-મ૨૫-નં. ચિત્રા હાઉસ, પહેલી ગલી, મીલ કંપાઉન્ડ, શાહપુર, અમદાવાદ શહેર નાઓ ની વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાહિત રેકર્ડ એકત્રિત કરી સદરી આરોપી વિરૂધ્ધ તડીપાર દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓની કચેરી ખાતે મોકલી આપતા મદદનીશ પોલીસ કમિશનરશ્રી "ઈ" ડીવીઝન અમદાવાદ શહેર કચેરી ખાતે ચાલી જતા તેઓ સાહેબશ્રીની કચેરીના પત્ર ક્રમાંક-ઈ/વહટ/૧૪૯૫/૨૨ તા-૧૬/૧૧/૨૨ ના હુકમ આધારે અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, ખેડા તથા મહેસાણા જીલ્લાઓમાંથી બે વર્ષ માટે તડીપાર કરેલ હોય જેથી સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.એમ.સોસોદીયા નાઓએ તા.૧૧/૧૨/૨૦૨૨ ના ક.૧૩/૦૦ વાગે તડીપાર હુકમની બજવણી કરી સદરી ઇસમને યોગ્ય જાપ્તા સાથે પાટણ ખાતે તેના કાકાના ઘરે મોકલી આપેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) શ્રી પી.સી.દેસાઈ સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર (૨) પો.સ.ઈ. એસ.એમ.સોસોદીયા તથા સર્વેલન્સ સ્કોડ ટીમ (૩) મ.સ.ઇ વિરભદ્રસિહ વિજયસિહ બ.નં.૮૧૫૫ (૪) અ.હે.કો. જેરામભાઇ વાલજીભાઈ બ.નં.૪૫૪૮ (૫) અ.પો.કો. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં. ૬૬૭૮ (૬) અ.પો.કો. સંજયસિંહ ખુમાનસિંહ બ.નં. ૧૦૦૩૯ (૭) અ.પો.કો. શક્તિસિંહ ગોવિંદસિંહ બ.નં.૭૧૩૪



## **નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૪૦ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૯૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૨૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## **છેતરપીંડીની ફરીયાદઃ સમાચાર યાદી નં.૨૨૨૮/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** અર્પિતભાઇ સ/ઓ શંકરલાલ શાહ (ઉ.વ.૩૬) (રહે. સુંદરવન એપાર્ટ્મેન્ટ સોલા રોડ નારણપુરા) એ તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અર્પિતભાઇ શાહ ચાંદલોડીયા હરે કૃષ્ણનગર ખાતે આવેલ અંલકાર નામની જવેલર્સની દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૧૯/૧૧/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે અર્પિતભાઈ દુકાન ખાતે બે પુરૂષ સોનાની માળા વેચવા આવેલ અને અસલ સોનાની માળા હોવાનુ જણાવી વિશ્વાસમાં લઈ સોનાની માળા પેટે રૂપિયા ૨,૮૦,૦૦૦/- મેળવી લઈ જતા રહ્યા હતા. ત્યારબાદ અર્પિતભાઈ શાહે તપાસ કરાવતા માળામાં એક જ સોનાનો મણકો હતો અને બીજા મણકા નકલી હતા જે માળા અસલી હોવાનુ કહી નકલી માળા વેચી અર્પિતભાઈ શાહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

## **ઘરફોડઃ સમાચાર યાદી નં.૨૨૨૯/૨૦૨૨**

**બાપુનગરઃ** મહાવિરકુમાર ભવરલાલ કોઠારી (રહે. વિમલનાથ સોસાયટી જૈન દેરાસર સામે બાપા સીતારામની ગલીમા બાપુનગર) એ તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૨/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૨ સવારના ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૧૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**ઇસનપુરઃ** જીવણભાઇ કાળાભાઇ દેસાઇ (રહે. ટી.વી.વાળી ચાલી શાસ્ત્રીચોક વિરાટનગર ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની જાળીના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૦,૧૪,૭૫૦/- અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૧૯,૭૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

## લુંટઃ- સમાચાર યાદી નં.૨૨૩૦/૨૦૨૨

**બાપુનગરઃ** ભદ્રેશભાઇ નાનજીભાઇ પટેલ (ઉ.વ.૩૮) (રહે. શિવાલય રેસીડન્સી ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) તા.૧૨/૧૨/૨૦૨૨ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર ડાયમંડ માર્કેટ અરૂણ ચેમ્બર્સની સીડી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ ભદ્રેશભાઈ પટેલને હથિયાર બતાવી ફાયરીંગ કરી ભદ્રેશભાઈ પટેલને ડરાવી હાથમાંથી બેગ ઝુટવી લૂંટ કરી નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ ભદ્રેશભાઈ પટેલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

## ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૨૩૧/૨૦૨૨

**સાબરમતીઃ** જગતસિંહ મફાજી રાજપુત (ઉ.વ.૪૬) (રહે. ચેનપુર સોસાયટી આઇ.ઓ.સી. ડેપોની બાજુમાં સાબરમતી) તા.૧૨/૧૨/૨૦૨૨ કલાક ૧૨/૫૦ વાગ્યાના સુમારે સાબરમતી ડી-કેબીન રેલ્વે ઇલેક્ટ્રીક પોલ નં-૭૭૬/૨૦ થી ૭૭૬/૨૧ વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેઈનની અડફેટે આવતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૨૨૩૨/૨૦૨૨

**વેજલપુરઃ** પરાગ સ/ઓ રામકુમાર ધીવર (ઉ.વ.૨૨) (રહે. શ્રી નંદનગર વિભાગ-૨ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦૨૨ બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી. વિક્રમભાઇ નારુભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** કિશનભાઇ દેવજીભાઇ મકવાણા (ઉ.વ.૪૫) (રહે.મુસાસુલેમાનની ચાલી જૈન મંદિર પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી.દેવીદાસ વીરભાણ ચલાવે છે.

**નારોલઃ** નિકીતા ડો/ઓ સમારામ ઘાંચી (ઉ.વ.૧૭) (રહે. મૃદુલાપાર્ક સોસાયટી મોની હોટલના ખાંચામા નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.એ.ધાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી